જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૮/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૯૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૫	૦	૧૧૬૩૫	૧૭૭૪૬	૦	૧૭૭૪૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૪	૦	૧૦૪	૩૬૧	૦	૩૬૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૬૪૯૯	૧૧૯	૬૬૬૧૮	૬૭૨૪૧	૧૨૯	૬૭૩૭૦
કુલ		૮૨૯૭૦	૧૧૯	૮૩૦૮૯	૯૧૬૧૫	૧૨૯	૯૧૭૪૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૬	૨,૬૫,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૯૪	૧૦,૯૪,૦૦૦/-

પરીવારથી વિખુટા પડેલા બાળકને તેમના પરીવાર સાથે મીલાપ કરાવતી ગોમતીપુર “શી” ટીમના માણસો

ગોમતીપુર પોલીસ સ્ટેશનની “શી”ટીમના માણસો પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એન.એચ શેખ તથા વુ .લો.ર સ્નેહલબેન સુભાષચન્દ્ર બ.નં ૧૦૫૭૮ તથા જયશ્રીબેન કિશોરભાઇ બ.નં ૧૩૮૦૩ તથા પો.કો નિતેશકુમાર ભગવાનભાઇ બ.નં ૭૩૨૦ સાથે ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પી.એસ.ઓ શ્રી તરફથી અમોને વર્ધી મળેલ કે એક અગીયાર વર્ષનો છોકરો અત્રે પોલીસ સ્ટેશન ખાતે આવેલ છે અને તે તેમના પરીવારથી વિખુટો પડી ગયેલ છે જે મેસેજ આધારે અમો પો.સ્ટે ખાતે આવી છોકરાને “શી” ટીમની ઓફીસમા લઇ ગયેલ અને તેમને પુછપરછ કરતા તેણે તેનુ નામ જયદઅલી મોહમદજફીર પઠાણ ઉ.વ ૧૧ રોજપુર તા જિ સંબલ થાના નકાશા રાજ્ય યુ.પી નો હોવાનુ જણાવેલ અને તે એક માસ પહેલા મિરજાપુર ખાતે રહેતો ઇમરાનખાન અમીરહુસેન જાતે.પઠાણ ઉ.વ.૨૨ ધંધો-સિલાઇકામ રહે કિષ્ણા કોપ્લેક્ષ મજુરન સિનેમા પાસે શાહપુર અમદાવાદ શહેર નાઓની પાસે યુ.પી થી તેમની સાથે રહેવા માટે આવેલ અને આજરોજ આશરે સવારના અગીયારેક વાગે કોઇને કહ્યા વગર કારખાનેથી નિકળી ગયેલ અને આ જયદઅલી મોહમદજફીર પઠાણ ઉ.વ ૧૧ નાનો ચાલતા ચાલતા દિલ્લી દરવાજા પાસે પહોચી ગયેલ અને ત્યા બેઠો બેઠો રડતો હોઇ જેથી ત્યા હાજર પોલીસે આ છોકરાને રડતા જોતા તેને પુછેલ કે ક્યા રહે છે જેથી આ છોકરા એ કહેલ કે હુ ગોમતીપુર રહુ છુ અને ભુલથી અહી આવી ગયેલ છુ તેવુ જણાવતો હોઇ જેથી પોલીસના માણસોએ આ છોકરાને ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે લાવેલ અને પી.એસ.ઓ ને સોપેલ બાદ શી ટીમના માણસોએ સદરી છોકરાની વાલીવારસની તપાસ કરી-કરાવતા વાયા મિડીયા કોન્ટેક કરી મિરજાપુર ખાતે રહેતો ઇમરાનખાન અમીરહુસેન જાતે.પઠાણ નાનો મોબાઇલ નંબર મેળવેલ અને તેમને જણાવેલ કે એક છોકરો જયદઅલી મોહમદજફીર પઠાણ ઉ.વ ૧૧ નાઓ ગોમતીપુર ખાતે મળી આવેલ છે તેમને તમે ઓળખો છો જેથી તેમણે હા પાડેલ જેથી તેમને લેવા સારૂ ગોમતીપુર પો.સ્ટે ખાતે બોલાવેલ જેથી મિરજાપુરથી પોલીસ સ્ટેશન ખાતે આવેલ અને સદરી છોકરાને બતાવેલ અને મને પુછેલ કે આ છોકરાને ઓળખો છો જેથી હુ મે હા પાડેલ અને જણાવેલ કે આ મારા કારખાને મારા જોડે રહે છે અને તે કોઇને કિધા વગર કારખાનેથી નિકળી ગયેલ છે. તે ભુલો પડી જતા અત્રે પોલીસ સ્ટેશન ખાતે લાવેલ છે અને તેઓ જણાવતા હોઇ કે તે મારા મામાનો દિકરો ભાઇ થાય છે અને હુ તેમને સારી રીતે ઓળખુ છુ. આમ ભુલા પડી ગયેલા છોકરાને મિલાપ કરાવીને ગોમતીપુર “શી” ટીમના માણસોએ માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે.



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ અનુસંધાને અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી અસામાજીક/દારૂ/જુગાર જેવી પ્રવૃતીઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે પો.ઇન્સ. ડી.વી.તડવી સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી એન.પી.ગરાસીયા સા.નાઓની સુચના અન્વયે પો.સબ.ઈન્સ.બી.એમ.રાઠવા તથા અ.હેડ.કોન્સ.કાનજીભાઈ અમીભાઈ બ.નં-૭૭૯૦ તથા અ.હેડ.કોન્સ. જગદીશકુમાર ગણેશભાઈ બ.ન.૫૬૩૬ તથા અ.હેડ.કોન્સ.મોસીન યાસીનભાઈ બ.નં-૯૧૨૫ તથા અ.હેડ.કોન્સ ભરતકુમાર ધુળાભાઈ બ.નં-૩૩૧૮ તથા અ.પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં-૬૧૭૭ તથા અ.પો.કો ગોપાલભાઈ દેવાભાઈ બ.નં-૬૬૭૭ તથા અ.પો.કો એજાઝહુશેન સાબીરહુસેન બ.નં-૬૪૮ તથા અ.પો.કો ખુમાનસિહ બળદેવભાઈ બ.નં-૭૨૮૮ તથા અ.પો.કો.વજાભાઈ દેહુરભાઈ બ.નં-૧૦૩૧૭ તથા અ.પો.કો સંજયકુમાર ગોવિદભાઈ બ.નં-૭૯૮૮ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં-૧૨૮૩ તથા અ.પો.કો રણજીતસિહ ટેમતસિહ બ.નં-૪૯૦૦ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ. જગદીશકુમાર ગણેશભાઈ તથા અ.પો.કો ગોપાલભાઈ દેવાભાઈ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી નં (૧) વસંત નારણભાઈ સોલંકી ઉ.વ-૩૬ રહે-વાસુદેવ ધનજીની ચાલી છાપરા ભીલવાસ શાહઆલમ ટોલનાકા અમદાવાદ શહેર + ૦૯ = ૧૦ નાઓ તેમજ નહિ પકડાયેલ આરોપીઓ (૧) પ્રકાશ પરષોત્તમભાઈ પરમાર તથા (૨) હસુ પરષોત્તમભાઈ પરમાર રહે- મ.નં-૪૬૫ વાસુદેવ ધનજીના છાપરા દાણીલીમડા અમદાવાદ શહેર નાઓના ઘરમાં ભેગા મળી ગોળ કુંડાળુ વળી ગંજી પાના પૈસાથી હારજીતનો જુગાર રમી રમતા ગંજી પાના કુલે નંગ-૧૦૪ કિ,રૂ.૦૦/૦૦ તથા અંગજડતીના મળેલ રોકડ નાંણા રૂપિયા ૬૮૭૦/- તથા દાવના રૂ.૩૩૪૦/- તથા અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૨ કિ,રૂ ૨૦,૦૦૦/- મળી કુલ્લે કિ,રૂ,૩૦,૨૧૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૪૦ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૮,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૦૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઉચાપતની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૪૦૨/૨૦૨૧**

કાલુપુરઃ પ્રકાશકુમાર ભલાજી પ્રજાપતી (ઉ.વ.૪૧) (રહે. નીચલી શેરી ઢાળની પોળ રાયપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રકાશકુમાર પ્રજાપતિની પેઢીમાં કામ કરતા વીરારામ ઉર્ફે વિક્રમ નિમ્બારામ દેવાસી (રહે. ગામ-વેરાવેરપુરા રબારીવાસ તા.જી.સિરોહી રાજસ્થાન) તા.૩૧/૦૭/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર ઝવેરીવાડની પોળમા શ્રધ્ધા ચેમ્બર્સમા ગણેશકુમાર જયેશભાઇ એન્ડ કંપની નામની આંગડીયા પેઢી ખાતેથી રોકડ રૂપિયા ૭,૨૭,૯૦૦/- ઉચાપત કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૪૦૩/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ સુરેશકુમાર સોહનલાલ કલાલ (રહે. શ્રી સવા રેસીડન્સી સાંઇબાબા મંદિર સામે વેજલપુર રોડ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૭/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૦૧/૦૮/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર હિમાલયા મોલ સામે સનરાઇઝ પાર્ક સેલ્સ ઇન્ડીયા પ્રાઇવેટ લીમીટેડ કંપનીના શો રૂમ ખાતેથી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૭ કિમત રૂપિયા ૧,૨૮,૯૪૮/- તથા કેસ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૩૭,૪૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૬,૩૪૮/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૪૦૪/૨૦૨૧**

રામોલઃ મિત દિલીપભાઇ સોની (રહે. સદગુરૂ સાનિધ્ય એસ.બી.આઇ બેંકની બાજુમાં ન્યુ મણીનગર) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ન્યુ મણિનગર અયોધ્યાનગરની બાજુમાં ત્રિમુર્તિ સાનિધ્ય દુકાન નંબર-૭ શ્રી અંબિકા જ્વેલર્સમાં સોનાના દાગીના ખરીદવા આવેલ બે સ્ત્રીઓ મિત સોનીના પિતાની નજર ચુકવી દુકાનમાંથી ડબ્બો ભરેલ સોનાની બુટ્ટીઓ કિમત રૂપિયા ૩,૧૨,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૦૫/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ મનીષભાઈ કાંતિભાઈ પટેલ (ઉ.વ.૪૬) (રહે. ક્રિષ્ણા બંગ્લોઝ વિભાગ-૨ આનંદ પાર્ટી પ્લોટ પાસે ચાંદલોડિયા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૧ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દિકસિંહ દિલીપસિંહ ચલાવે છે.

શહેરકોટડાઃ જયોતિબહેન ડો/ઓ ભરતભાઇ પટણી (ઉ.વ.૧૭) (રહે. આર્યોદય સ્પીનીંગ મીલની ચાલી, અમદુપુરા નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૮/૨૦૨૧ કલાક ૧૦/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિંહ જુજારસિહ ચલાવે છે.

ગોમતીપુરઃ અશોકભાઇ બળદેવભાઇ મકવાણા (ઉ.વ.૪૨) (રહે. જીવરામભટ્ટની ચાલી રાજપુર ગોમતીપુર) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા/૩૧/૦૭/૨૦૨૧ રાતના ૮/૧૫ થી ૯/૨૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રામાભાઇ ચલાવે છે.

ઓઢવઃ વિરેન્દ્રકુમાર રમેશભાઇ પાલ (ઉ.વ.૨૧) (રહે.મોમાઇનગર ગેટ નંબર-૧ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાંતીલાલ જીવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી